પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૭ | ૨૮ મે, ૨૦૨૨, શનિવાર; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સેનાની ગાડી નદીમાં પડતાં ૭ જવાનો શહિદ

### અન્ય કેટલાકને ગંભીર ઈજાઓ પણ પહોંચી, બચાવ કામગીરીમાં એરફોર્સની મદદ પણ લેવામાં આવી



લદાખ, તા.૨૭

લદાખમાં ભારતીય સેનાના જવાનોને કાળ નડ્યો છે. સેનાના જવાનો સાથેની એક ગાડી નદીમાં પડતા દેશના ૭ જાંબાજ સિપાહીઓ મૃત્યુ પામ્યાં છે. મીડિયા અહેવાલ અનુસાર લદાખના તુરટુક સેકટરમાં એક ભયાનક રોડ એક્સિડન્ટમાં ભારતીય સેનાનું એક સ્પેશયલ વાહન શ્યોક નદીમાં ખાબક્યું છે. એજન્સીએ જણાવ્યું છે કે આ માર્ગ અકસ્માતમાં સેનાના ૭ જવાન શહિદ થયા છે અને અન્ય કેટલાકને ગંભીર ઈજાઓ પણ પહોંચી છે. લદાખના તુરતુક સેકટરમાં થયેલ અકસ્માતમાં ઘાયલોને શ્રેષ્ઠ તબીબી સારવાર માટેની તૈયારીઓ કરવામાં આવી છે. ભારતીય વાયુસેના દ્વારા વધુ ગંભીર લોકોને પશ્ચિમ કમાન્ડમાં સ્થાનાંતરિત કરવા માટે હવાઈ માર્ગનો કરવામાં આવી રહ્યા છે.

એક અહેવાલ અનુસાર આ સ્પેશયલ મિલિટ્રી વ્હિકલ, જે શ્યોક નદીમાં પડ્યું છે તેમાં ભારતીય સેનાના કુલ ૨૭ જવાનો હતા. આ ઘટના અંગે દુખ વ્યકત કરતા કેન્દ્રીય મંત્રી અને ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ વીકે સિંહે ટ્વીટ કર્યું કે દુ:ખદ સમાચાર એ છે કે લદાખની શ્યોક નદી દુર્ઘટનામાં ૭ સૈનિકોના મોત થયા છે. આ દુ:ખદ સમયમાં રાષ્ટ્ર સૈનિકોના પરિવાર સાથે ઉભું છે.

## હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલાને ચાર વર્ષની સજા

### આવક કરતા વધુ સંપત્તી મામલે ચાર વર્ષની કેદ અને પચાસ લાખ રૂપિયાનો દંડ કરાયો, ચૌટાલાની ચાર સંપત્તિઓને જપ્ત કરવાનો પણ આદેશ

હરિયાણા, તા.૨૭

આવક કરતા વધારે સંપત્તિ મામલે હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલાની સજા પર ચુકાદો આવી ગયો છે. દિલ્હીની સ્પેશયલ સીબીઆઈ કોર્ટે આવક કરતા વધારે સંપત્તિ મામલે દોષી સાબિત થયેલા હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલાને શુક્રવારે ૪ વર્ષની સજા સંભળાવી અને પચાસ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો. એટલુ જ નહીં, કોર્ટે ચૌટાલાની ચાર સંપત્તિઓને જપ્ત કરવાનો પણ આદેશ આપ્યો છે.

કોર્ટ રૂમમાંથી જ ઓમ પ્રકાશ ચૌટાલાની ધરપકડ કરવાનો આદેશ અપાયો છે. આ રીતે ચૌટાલા કોર્ટમાંથી સીધા જેલ જશે. ચૌટાલા તરફથી આ મામલે અપીલ ફાઈલ કરવા માટે ૧૦ દિવસનો સમય માગવામાં આવ્યો હતો. જેની પર જજે કહ્યુ કે તમે હાઈકોર્ટ જાવ. ગુરૂવારે સુનાવણી પૂરી થયા બાદ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

વિશેષ જજ વિકાસ ઢુલેએ વર્ષ ૧૯૯૩થી ૨૦૦૬ દરમિયાન આવક કરતા વધારે સંપત્તિ મળતા દોષી સાબિત થયેલા ઓપી ચૌટાલા અને સીબીઆઈના વકીલોની ગુરૂવારે સજા પર ચર્ચા સાંભળી હતી. ઓ પી ચૌટાલાએ ચર્ચા દરમિયાન વૃદ્ધત્વ અને મેડીકલના આધારે ઓછામાં ઓછી સજા આપવાની વિનંતી કરી હતી.

સીબીઆઈએ વધારે સજા આપવાની વિનંતી કરતા કહ્યુ કે આનાથી સમાજમાં સંદેશ જશે. એજન્સીએ કહ્યુ કે ચૌટાલાનો બેદાગ ઈતિહાસ નથી અને આ બીજો કેસ છે જેમાં તેમને



દોષી કરાર કરાયા છે. કોર્ટે ગયા સપ્તાહે ચૌટાલાને દોષી કરાર કરતા કહ્યુ કે આરોપી તે સમયે આવક કરતા વધારે સંપત્તિનો સંતોષજનક હિસાબ આપવામાં નિષ્ફળ રહ્યા.

સીબીઆઈએ ચૌટાલા વિરૂદ્ધ વર્ષ ૨૦૦૫માં કેસ નોંધ્યો હતો. એજન્સીએ ૨૬ માર્ચ ૨૦૧૦માં દાખલ ચાર્જશીટમાં આરોપ લગાવ્યો હતો કે ચૌટાલાએ વર્ષ ૧૯૯૩થી ૨૦૦૬ ની વચ્ચે માન્ય આવક કરતા વધારે સંપત્તિ બનાવી.

## ડ્રગ્સ કેસમાં આર્યન ખાનને ક્લિન ચીટ

### કિંગખાનના પુત્ર પાસેથી ડ્રગ્સ ન મળ્યું હોવાનો ખુલાસો : વાનખેડે સામે સવાલો ઉભા થતાં તપાસ સંજયકુમાર સિંહની આગેવાનીમાં બનેલી એસઆઈટીને સોંપાઈ હતી



મુંબઈ, તા.૨૭

સમગ્ર બોલીવુડને હચમચાવી દેનારા ડ્રગ્સ કેસમાં જેલની હવા ખાનારા શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનને આખરે ક્લીન ચીટ મળી ગઈ છે. એનસીબીએ જણાવ્યું છે કે, તપાસના અંતે આર્યન ખાન પાસેથી ડ્રગ્સ ના મળ્યું હોવાનો ખુલાસો થતાં તેને આ કેસમાં ક્લીન ચીટ આપવામાં આવે છે. અગાઉ આ કેસની તપાસ એનસીબી મુંબઈ દ્વારા કરવામાં આવી હતી. જોકે, તપાસ કરનારા અધિકારી સમીર વાનખેડે સામે અનેક સવાલો ઉભા થતાં કેસની તપાસ સંજયકુમાર સિંહ નામના અધિકારીની આગેવાનીમાં બનેલી એસઆઈટીને સોંપવામાં આવી હતી. એનસીબીના જણાવ્યા અનુસાર, આ કેસમાં ૧૪ લોકો વિરુદ્ધ એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે, જ્યારે ૦૬ લોકો વિરુદ્ધ પુરાવાના અભાવે ફરિયાદ દાખલ નથી કરાઈ.

## ડિજિટલ પેમેન્ટનો દાવા પોકળ, રોકડ વ્યવહાર ૩૧.૦૫ લાખ કરોડ

### રિઝર્વ બેંકે બહાર પડેલા નવા વાર્ષિક અહેવાલ અનુસાર દેશમાં ચલણમાં રહેલી નોટોનું પ્રમાણ ૯.૯ ટકા વધ્યું

મુંબઈ, તા.૨૭

ભારત સરકારે નવેમ્બર ૨૦૧૬માં ચલણમાં રહેલી રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની ચલણી નોટો રદ્દ કરી કાળું નાણું બહાર આવે એ માટે કવાયત આદરી હતી. જોકે, આ રદ્દ થયેલી નોટો કરતા વધારે રકમ બેંકમાં જમા થઈ હોવાનું બહાર આવ્યા બાદ સરકારે ચલણની નોટો છાપવા, તેનું પરિવહન વગેરે ઉપર થતો ખર્ચ ઘટાડવા માટે અને નાણાકીય વ્યહારો પારદર્શી બને એ માટે ડીજીટલ પેમેન્ટની ક્રાંતિ ઉપર ભાર મુક્યો હતો. નાણાકીય વ્યવહારો બેંકના પોર્ટલ, મોબાઈલ એપ, પેમેન્ટ વોલેટ અને અન્ય રીતે થાય એના માટે ખાસ પ્રોત્સાહન આપવામાં આવ્યા હતા.

જોકે, ફરી એક વખત સાબિત થયું છે કે દેશમાં રોકડ જ રાજા છે અને રોકડ વ્યવહારો વગર દેશના અર્થતંત્રના ચક્કર ફરતા અટકી શકે છે. રિઝર્વ બેંકે બહાર પડેલા નવા વાર્ષિક અહેવાલ અનુસાર દેશમાં ચલણમાં રહેલી નોટોનું પ્રમાણ ૯.૯ ટકા વધી રૂ.૩૧,૦૫,૭૨૧ કરોડ થઈ ગયું છે. એની સાથે નોટોની સંખ્યા પણ પાંચ ટકા વધી ૧૩.૦૫ લાખ થઈ ગઈ હોવાનું વર્ષ ૨૦૨૧-૨૨નો રિઝર્વ બેંકનો વાર્ષિક અહેવાલ જણાવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ચલણી નોટોનું પ્રમાણ ૧૬.૮ ટકા વધ્યું હતું. અહી નોધવું જરૂરી છે કે વર્ષ ૨૦૧૬માં જયરે નોટબંધી અમલમાં આવી ત્યારે દેશમાં કુલ રોકડ ચલણ રૂ.૧૭ લાખ કરોડ આસપાસ હતું. આ છ વર્ષમાં ચલણી નોટનું પ્રમાણ કે રોકડનું પ્રમાણ બમણા જેટલું વધી ગયું છે.

નાણકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૫૦૦ની ચલણી નોટોનું પ્રમાણ વધ્યું છે જયારે કેન્દ્ર સરકારે અને રિઝર્વ બેંકે નવી રૂ.૨૦૦૦ નોટોના પુરવઠા ઉપર નિયંત્રણ મુક્યો હોવાથી તેનું પ્રમાણ ઘટી રહ્યું છે. આ બન્ને પ્રકારની નોટોનું પ્રમાણ માર્ચ ૨૦૨૧ના અંતે ૮૫.૭ ટકા હતું જે માર્ચ ૨૦૨૨ના અંતે વધી ૮૭.૧ ટકા થઈ ગયું છે. માર્ચ ૨૦૨૨ના અંતે રૂ.૫૦૦ની ચલણી નોટોની સંખ્યા કુલ નોટોમાં ૩૪.૯ ટકા હતી આ પછી રૂ.૧૦ની નોટોની માત્ર ૨૧.૩ ટકા હતી એમ આ અહેવાલ જણાવે છે.

## ૨૦૩૦ સુધીમાં ભારત ડ્રોન હબ બનશે : મોદી

### દિલ્હીમાં ૨ દિવસના ભારત ડ્રોન મહોત્સવ ૨૦૨૨ની શરૂઆત : અગાઉની સરકારોએ ટેક્નોલોજી માટે ઉદાસીનતા દાખવી તેના કારણે ગરીબો, વંચિતો-મધ્યમ વર્ગને સૌથી વધારે નુકસાન થયાનો મોદીનો દાવો

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે આજથી ૨ દિવસના ભારત ડ્રોન મહોત્સવ ૨૦૨૨ની શરૂઆત થઈ ચુકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને પોતાના સંબોધન દરમિયાન તેમણે ખેડૂત ડ્રોન ઓપરેટર્સ અને ફાર્મિંગ, ફર્ટિલાઈઝર સ્પ્રે, મિલિટ્રી, સિક્યોરિટી, બોર્ડર, મોનિટરિંગ સહિતના વિભિન્ન કાર્યોના પ્રયોગમાં સામેલ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ સાથે પણ સંવાદ સાધ્યો હતો.વડાપ્રધાને પોતે ડ્રોન પ્રદર્શનીથી પ્રભાવિત થયાનું જણાવ્યું હતું અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત ડ્રોન હબ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં સરકારી અધિકારીઓ, વિદેશી રાજદ્વારીઓ, સશસ્ત્ર દળ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના પ્રતિનિધિઓ, સરકારી અને





ખાનગી ક્ષેત્રની કંપનીઓ સહિત ૧,૬૦૦થી વધારે લોકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન ૭૦થી વધારે લોકોએ પોતાની ટેક્નોલોજીનું પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન વિવિધ કાર્યોમાં ડ્રોનના પ્રયોગો અંગેનું પ્રદર્શન થશે. આ મહોત્સવ દરમિયાન ડ્રોન પાયલટ સર્ટિફિકેટ પણ આપવામાં આવશે.

ડ્રોન ટેક્નોલોજી અંગે ભારતમાં જે ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે અદ્ભૂત છે. આ જે ઉર્જા જોવા મળી રહી છે તે ભારતમાં ડ્રોન સર્વિસ અને ડ્રોન આધારીત ઈન્ડસ્ટ્રી માટે લાંબી છલાંગનું પ્રતિબિંબ છે. તે ભારતમાં એમ્પ્લોયમેન્ટ જનરેશનના ઉભરતા સેક્ટરની સંભાવના દર્શાવે છે. આ સાથે જ વડાપ્રધાને અગાઉની સરકારોએ ટેક્નોલોજી માટે ઉદાસીનતા દાખવી તેના કારણે ગરીબો, વંચિતો અને મધ્યમ વર્ગને સૌથી વધારે નુકસાન થયાનો દાવો કર્યો હતો. વડાપ્રધાન મોદી ડ્રોન ટેક્સીનું પ્રોટોટાઈપ પ્રદર્શિત કરશે તે મેડ ઈન ઈન્ડિયા ડ્રોન ટેક્સી પ્રોટોટાઈપ મહોત્સવનું ખાસ આકર્ષણ હશે. આઈઆઈટી મદ્રાસ દ્વારા શરૂ કરવામાં આવેલી કંપની ઈ-પ્લેન દ્વારા તેને તૈયાર કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં તેને સર્ટિફિકેટ મળી જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેના અનુસંધાને પહેલા સેના સાથે ટ્રાયલ કરવામાં આવશે. એવું અનુમાન છે કે, વર્ષ ૨૦૨૮-૨૦૨૯ સુધીમાં ભારતીય આકાશમાં ડ્રોન ટેક્સી ઉડતી દેખાશે.

## રિઝર્વ બેન્કે ૨૦૧૮-૧૯ બાદ ૨૦૦૦ની નોટો છાપી નથી

### રિઝર્વ બેન્કના ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલમાં ખુલાસો : માર્ચ ૨૦૨૨માં ચલણમાં નોટોમાં ૨૦૦૦ની નોટનો હિસ્સો ૧૩.૮ ટકા, જે આગલા વર્ષના ૧૭.૩ ટકા કરતા ઘટ્યો

મુંબઈ, તા.૨૭

ચાર વર્ષથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશમાં નવી રૂ.૨૦૦૦ની ચલણી નોટ છાપવાનું બંધ કર્યું હોવાથી કુલ ચલણમાં આ નોટનો હિસ્સો ઘટી રહ્યો છે એવી વિગત દેશની સેન્ટ્રલ બેંકના વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ ઉપરથી પ્રકાશમાં આવી છે. નવેમ્બર ૨૦૧૬માં દેશમાં રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટ રદ્દ કરી તેને બેંકમાં ૬૦ દિવસમાં જમા કરાવી દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ સમયે રદ્દ થયેલી નોટોનું પ્રમાણ ઘણું વધારે હોવાથી કેન્દ્ર સરકારે રૂ.૨૦૦૦ની નવી નોટ બજારમાં મૂકી હતી.

જોકે, વર્ષ ૨૦૧૮-૧૯ પછી રિઝર્વ બેંકે આ નવી નોટ છાપવાનું બંધ કરી દીધું છે. રિઝર્વ બેંકના વાર્ષિક અહેવાલ અનુસાર માર્ચ ૨૦૨૨ની સ્થિતિએ દેશના ચલણમાં કુલ નોટોમાં રૂ.૨૦૦૦ની નોટનો હિસ્સો ૧૩.૮ ટકા હતો જે આગલા વર્ષના ૧૭.૩ ટકા કરતા ઘટી ગયો છે. માર્ચ ૨૦૨૨ની સ્થિતિએ દેશમાં હવે ચલણમાં, રૂ.૨૦૦૦ની કુલ ૨૧૪ કરોડ નોટો રહી છે જે આગલા વર્ષે ૨૪૫ કરોડ હતી.

જોકે, રિઝર્વ બેંકે હવે રૂ.૫૦૦ની નોટો વધારે છાપવાનું શરુ કર્યું છે. રૂ.૩૧ લાખ કરોડના વ્યવહારના કુલ ચલણમાં રૂ.૫૦૦ની નોટોનો હિસ્સો ૭૩.૩ ટકા હતો જે ગત વર્ષે ૬૮.૪ ટકા હતો. આ અહેવાલ અનુસાર દેશમાં રૂ.૫૦૦ની કુલ ૪૫૫૫ કરોડ નોટો ચલણમાં છે જે ગત વર્ષે ૩૮૬૮ કરોડ જ હતી આમ કુલ નોટોમાં તેનો હિસ્સો ૩૧ ટકા કરતા વધી હવે ૩૫ ટકા જેટલો થયો છે.

## કચ્છમાંથી કરોડોનો લાલ ચંદનનો જથ્થો પકડી પાડવામાં આવ્યો

### ડ્રુઆઈએ ઓપરેશન હાથ ધર્યું હતું : ઘણા સમયથી અહીંના બંદરે આયાત નિકાસના નામે મિસ ડિક્લેરેશનથી દાણચોરીથી પ્રતિબંધિત માલસામાન અને કેફી દ્રવ્યોની હેરાફેરીની ઘટનાઓ વધી રહી છે

કચ્છ , તા.૨૭

કચ્છનો દરિયાઈ સીમા ગેરકાયદેસર વેપારનો અડ્ડો બની ગયો છે, જેમાં ડ્રગ્સ જેવા કેફી દ્રવ્યો અનેકવાર ઝડપાયા છે. તથા મુન્દ્રા અને કંડલા પોર્ટ પરથી પર કેફીદ્રવ્યો અનેક વાર મળી આવ્યા છે. ત્યારે હવે મુંદ્રા પોર્ટ પરથી ફરી એકવાર લાલ ચંદનની દાણચોરીની ઘટના સામે આવી હતી. DRI દ્વારા ૧૪ ટન અંદાજીત લાલ ચંદન જેની કિંમત અંદાજિત ૭ કરોડની છે, જે જપ્ત કરવામાં આવ્યું છે.



છેલ્લા કેટલાક સમયથી અહીંના બંદરે આયાત નિકાસના નામે મિસ ડિકલેરેશનથી દાણચોરીથી પ્રતિબંધિત માલસામાન અને કેફી દ્રવ્યોની હેરાફેરીની ઘટનાઓ વધી રહી છે. ગઈ કાલે લાલ ચંદનના ૧૪ ટન જેટલા મોટા જથ્થાને વુડનીજ આઈટમ ડિકલેર કરીને દેશ બહાર મોકલવામાં આવી રહ્યું હતું. DRIએ ઓપરેશન હાથ ધર્યું હતું. મુંદ્રા પોર્ટ પર MICT ટર્મિનલમાંથી ડીઆરઆઈએ રક્તચંદનનો જથ્થો એક્સપોર્ટ થાય તે પહેલાં જ ઝડપી પાડ્યું હતું.

ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ દ્વારા ગુરુવારના સાંજના સમયે દુબઈ એક્સપોર્ટ થવા આવેલા એક કન્ટેનરને રોકીને તપાસ હાથ ધરાઈ હતી. આ કન્ટેનરમાં વુડનીજ આઈટમ હોવાનું ડિકલેરેશન હતું, પરંતુ તેની જગ્યાએ કાંઈક બીજુ જ જતું હોવાના ઈનપુટના આધારે કન્ટેનરને રોકાવીને ડીઆરઆઈની ટીમે તપાસ હાથ ધરી હતી. જેને ખોલીને ચેક કરતા અંદરથી રક્ત ચંદન હોવાનું બહાર આવ્યું હતું.

ડીઆરઆઈ દ્વારા કરાયેલ કાર્યવાહીમાં ઝડપાયેલ રક્ત ચંદન કે જેનું વજન કરતા તે ૧૪ ટન જેટલો જથ્થો હોવાનું ખૂલ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં ૧ જૂન સુધીમાં ગમે ત્યારે થશે ચોમાસાની એન્ટ્રી

### ચોમાસુ ગતિ પકડશે અને સડસડાટ ઉપર તરફ વધશે : વરસાદ હવાના દબાણનું ક્ષેત્ર અને આઉટગોઈંગ લોંગવેવ રેડિયેશન (OLR) જેવા પરિબળો પર આધારિત છે

નવી દિલ્હી, તા.૨૭

આકરી ગરમીથી પરેશાન ઘણા રાજ્યોના લોકો હવે ચોમાસાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. કેરળમાં ૨૭ મેના રોજ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના પ્રવેશની આગાહી હવામાન વિભાગ દ્વારા ભૂતકાળમાં કરવામાં આવી હતી. જો કે, હવે IMDએ કહ્યું કે આ પૂર્વાનુમાન ૧ જૂન સુધી ગમે ત્યારે ચોમાસાના વિધિવત પ્રવેશ અંગેનું હતું. તેમજ હાલની સ્થિતિને જોતા રિયલ ટાઈમ ડેટાનું પણ અધ્યયન કરવામાં આવી રહ્યું છે.

કેરળમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાની શરૂઆતના સમાચાર સમગ્ર ભારતમાં કૃષિ માટે અત્યંત મહત્વના છે. જેની શેરબજાર સહિત સ્થાનિક અર્થવ્યવસ્થા પર મોટી અસર પડે છે.

IMDની આગાહી અનુસાર, આગામી ૪૮ કલાક દરમિયાન દક્ષિણ અરબી સમુદ્રના કેટલાક વધુ ભાગો સમગ્ર માલદીવમાં સ્થિતિ સારી દેખાઈ રહી છે. કોમોરિન પ્રદેશના કેટલાક વધુ ભાગો અને લક્ષદ્વીપ પ્રદેશમાં દક્ષિણપશ્ચિમ ચોમાસાના આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ છે.

આ સપ્તાહ દરમિયાન કેરળમાં ચોમાસાની શરૂઆત માટે સ્થિતિ સાનુકૂળ બને તેવી શક્યતા છે. એવું માનવામાં આવે છે કે કેરળમાં ચોમાસું ૧ જૂન સુધી ગમે ત્યારે આવી શકે છે. જ્યારે વિલંબના ચોક્કસ કારણ પૂછવામાં આવતા વરિષ્ઠ IMD વૈજ્ઞાનિકે કહ્યું કે ૨૭ મેની અમારી અગાઉની આગાહીમાં ચાર દિવસ આગળ પાછળ થવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.